# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૬/૨૦૨૩, તા.૭/૨/૨૦૨૩

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલ સત્તા અન્વયે તા.૮/૨/૨૦૨૩ થી તા.૧૧/૨/૨૦૨૩ સુધી હોટલ તાજ સ્કાયલાઇન, સિંધુભવન રોડ, અમદાવાદ શહેર ખાતે G-20 Meetings અનુસંધાને અગત્યના કાર્યક્રમો થનાર છે. જેમાં G-20 દેશોના Ministers, Ambassadors, Delegates અન્ય મહાનુભાવશ્રીનાઓ પધારનાર છે. જેથી આ જગ્યા ખાતે કોઇ અનિચ્છનિય બનાવ બનવા ન પામે, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૮/૨/૨૦૨૩ થી તા.૧૧/૨/૨૦૨૩ સુધી હોટલ તાજ સ્કાયલાઇન, સિંધુભવન રોડ ખાતે G-20 Meetings અનુસંધાને અગત્યના કાર્યક્રમો થનાર છે. જે દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન વાળો માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | ટોરેફેનસ્ટર ટી થી હોટલ તાજ સ્કાયલાઇન સુધીનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | ➢ ટોરેફેનસ્ટર થી જમણી બાજુ વળી ઔડા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સર્વિસ રોડ ઉપર થઇ અવર-જવર કરી શકાશે.<br>➢ ટોરેફેનસ્ટર થી ડાબી બાજુ વળી ઓર્નેટ પાર્ક પાછળ થઇ સિંધુભવન રોડ તરફ અવર-જવર કરી શકાશે. |

તેમજ પ્રતિબંધિત અને વૈકલ્પિક માર્ગ ઉપર વાહન પાર્કિંગ કરવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો,આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનાર તથા આ વિસ્તારમાં વસવાટ કરતા રહીશોને આ જાહેરનામું લાગું પડશે નહી.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૮/૨/૨૦૨૩ થી તા.૧૧/૨/૨૦૨૩ સુધીના રોજેરોજ કલાક ૦૦.૦૦ થી ૨૪.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૭/૨/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૭/૨/૨૦૨૩
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.